# કામરેજ તા.પં.માં ભાજપનો દબદબો

**જિલ્લા** પંચાયતની ચારેય બેઠક ભાજપે કબજે કરી



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકા પંચાયતની 18 બેઠકમાંથી 14 બેઠકો ભાજપ તેમજ ત્રણ બેઠકો આપ અને એક બેઠક પર અપક્ષ કબજે કરી હતી. જ્યારે ચારેય જિલ્લા પંચાયતની બેઠકો ભાજપે જાળવી રાખી છે.

કામરેજ તાલુકા પંચાયતની 18 બેઠકો તેમજ જિલ્લા પંચાયતની 4 બેઠકો માટે કામરેજ ચાર રસ્તા ખાતે ભારતીય વિદ્યામંડળમાં આવેલી બીએડ કોલેજમાં મતગણતરી કરવામાં આવી હતી.જેમાં તાલુકા પંચાયતની ડુંગરા અને સેવણી બેઠક પહેલા જ ભાજપે બિનહરીફ કરી દીધી હતી.જ્યારે 18 બઠેકોમાંથી આંબોલી,ખોલવડ1,કામરેજ2 બેઠકો પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિજેતા થયા હતા.જ્યારે વિહાણ બેઠક પર અપક્ષ ઉમેદવાર વિજેતા થયા હતા. જ્યારે ખોલવડ બેઠક પર ત્રિપાંખીયો જગ રહેતા સૌકોઈની નજર હતી.જેમાં આખરે કામરેજ તાલુકા પંચાયતના માજી પ્રમુખ એવા સ્વ.રાજેન્દ્રભાઈ મોદીના પુત્ર સમીરભાઈ મોદીએ બાજી મારી તમામને ચોકાવી દીધા હતા.

ગુજરાત રાજયમાં પ્રથમ એવી કામરેજ 2 તાલુકા પંચાયત બેઠક પર ભાજપમાં ટીકીટ બાબતે થયેલી માથાકુટના લઈને ભાજપના ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેચી લેવામાં આવી હતી.જેના લઈને સમગ્ર ગુજરાતમાં પ્રથમવાર નોટામાં 3622 મત કામરેજ2 બેઠક પર પડ્યા હતા. કામરેજ તાલુકા પંચાયતની 20વિહાણ બેઠક પરથી ભાજપના માજી મહામંત્રી એવા હિરેન પટેલને અપક્ષ રાજપૂત સમાજના ઉમેદવાર વિમલ વશીએ 582 મતે કારમી હાર આપી હતી. આ બેઠક પર ભાજપના ઉમેદવારના ચુંટણી કનવીનર અને પ્રદેશ ભાજપના મહામંત્રી ડો.પ્રશાંત કોરાટના હનુમાન બનીને ફરતાં જુબીન પટેલને પણ મતદારો પોતાનો પરચો બતાવી દીધો હતો.

કોગ્રેંસના માજી તાલુકા પ્રમુખ એવા ભગવાનભાઈ ભોકળવા સુરત જિલ્લા પંચાયતની ખોલવડ બેઠક પરથી તેમજ કામરેજ તાલુકા પંચાયતની હલધરૂ બેઠક પરથી એમ તાલુકા અને જિલ્લા બંનેમાં ઉમેદવારી કરી હતી. પરંતુ બંને બેઠકો પર હારનો સામનો કરવો પડયો હતો.

| ક્રમ | તા.પં.સીટ | વિજેતા ઉમેદવાર | પક્ષ | મતોની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | આંબોલી | રમીલાબેન નાયક | આપ | 1333 |
| 2 | દિગસ | કવિતાબેન દેસાઈ | ભાજપ | 1965 |
| 3 | ડુંગરા | સીમાબેન પટેલ | ભાજપ | બિનહરીફ |
| 4 | ઘલા | અમિતાબેન પટેલ | ભાજપ | 2826 |
| 5 | હલધરૂ | હરેશભાઈ | ભાજપ | 1945 |
| 6 | જોખા | જિનલબેન પટેલ | ભાજપ | 4413 |
| 7 | કામરેજ-1 | સુમનબેન રાઠોડ | ભાજપ | 3989 |
| 8 | કામરેજ-2 | શારદાબેન કસવાલા | આપ | 5456 |
| 9 | ખોલવડ-1 | મનીષાબેન નાકરાણી | આપ | 1931 |
| 10 | ખોલવડ-2 | અરુણાબેન વસાવા | ભાજપ | 3543 |
| 11 | કોસમાડા | રાગીણીબેન દેસાઈ | ભાજપ | 3540 |
| 12 | નવાગામ-1 | કૌશલ પટેલ | ભાજપ | 3309 |
| 13 | નવાગામ-2 | કલાબેન રાઠોડ | ભાજપ | 1791 |
| 14 | નવી પારડી | સોનલબેન પટેલ | ભાજપ | 2193 |
| 15 | સેવણી | વિશાલ દેસાઇ | ભાજપ | બિનહરીફ |
| 16 | શામપુરા | જીતેન્દ્ર રાઠોડ | ભાજપ | 2162 |
| 17 | શેખપુર | કિશોરભાઈ દુધાત | ભાજપ | 2285 |
| 18 | ઉભેળ | જશ પટેલ | ભાજપ | 2900 |
| 19 | વાવ | કિશોર માહ્યાવંશી | ભાજપ | 2193 |
| 20 | વિહાણ | વિમલ વશી | ભાજપ | 1772 |

**ચાર જિલ્લા પંચાયત**

| બેઠકનું નામ | વિજેતા ઉમેદવાર | પક્ષ | મતોની સંખ્યા |
|---|---|---|---|
| કામરેજ | મહેશ સોલંકી | ભાજપ | 15,669 |
| ખોલવડ | સમીરભાઈ મોદી | ભાજપ | 13,969 |
| નવાગામ | ભૂમિકાબેન પટેલ | ભાજપ | 13,772 |
| ઉભેળ | બિરેન રાઠોડ | ભાજપ | 13,511 |

**ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ પૈકી ૧૧ સીટની ચૂંટણીનું પરિણામ**

| ક્રમ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવારનું નામ | મળેલા મત | પક્ષ |
|---|---|---|---|---|
| ૧ | ઓલપાડ-૧ | નિરીક્ષાબેન અતુલભાઇ રાઠોડ | ૨,૬૮૬ | ભાજપ |
| ૨ | ઓલપાડ-૨ | રોહિત અમરતભાઈ પટેલ | ૨,૮૯૬ | ભાજપ |
| ૩ | સરસ | અમૃતભાઇ ચંપકભાઇ રાઠોડ | ૩,૩૨૭ | ભાજપ |
| ૪ | કરંજ | ચંદ્રીકાબેન હિતેશભાઈ પટેલ | ૩,૬૦૫ | ભાજપ |
| ૫ | દાંડી | શશીકલાબેન કિશોરભાઇ પટેલ | ૩,૬૩૦ | ભાજપ |
| ૬ | મોર | ભાવેશ પરભુભાઈ નાતાલી | ૫,૦૩૬ | ભાજપ |
| ૭ | ટકારમા | મેઘનાબેન કેવલભાઈ પટેલ | ૨,૭૩૯ | ભાજપ |
| ૧૮ | સાંધીએર | ધર્મેશભાઇ ઇશ્વરભાઈ પટેલ | ૩,૪૧૬ | ભાજપ |
| ૯ | મુળદ | કિરીટભાઇ જયંતિલાલ પટેલ | ૨,૫૫૭ | ભાજપ |
| ૧૦ | સિવાણ | માલતીબેન નવનીત કાપડિયા | ૩,૨૫૬ | ભાજપ |
| ૧૧ | કીમ-૨ | દિવ્યેશકુમાર રામુભાઈ પટેલ | ૨,૨૯૧ | ભાજપ |
| ૧૨ | સાયણ-૧ | પ્રિતીબેન હેમુભાઈ પાઠક | બિનહરીફ | ભાજપ |
| ૧૩ | સાયણ-૨ | વિજય છગનભાઈ ગામીત | બિનહરીફ | ભાજપ |
| ૧૪ | સાયણ-૩ | ભૂમિબેન હરદિપસિંહ મહિડા | બિનહરીફ | ભાજપ |
| ૧૫ | સરોલી | હિનાબેન સુભાષભાઈ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૧૬ | માસમા | જાગૃતિબેન ઋત્વિકભાઈ રાઠોડ | બિનહરીફ | ભાજપ |
| ૧૭ | અરિયાણા | લક્ષ્મીબેન પરેશભાઇ રાઠોડ | બિનહરીફ | ભાજપ |
| ૧૮ | પિંજરત | પિયુષ બળવંતભાઈ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૧૯ | બરબોધન | મોનાબેન નિમેષભાઈ રાઠોડ | બિનહરીફ | ભાજપ |
| ૨૦ | કદરામા | પારૂલબેન અલ્પેશભાઈ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૨૧ | કીમ-૧ | રાહુલકુમાર પ્રવિણભાઇ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૨૨ | કુડસદ-૧ | રાહુલભાઇ નવઘણ ભોકરવા | બિનહરીફ | ભાજપ |
| ૨૩ | કુડસદ-૨ | અમિતભાઇ સુરેશભાઈ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૨૪ | વડોલી | ઉષાબેન યોગેન્દ્રસિંહ રણા | બિનહરીફ | ભાજપ |

**ઓલપાડ તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની ૫ સીટ**

| ક્રમ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવારનું નામ | મળેલા મત | પક્ષ |
|---|---|---|---|---|
| ૧ | ઓલપાડ | કિરણ જયંતીભાઈ પટેલ | ૧૨,૧૦૮ | ભાજપ |
| ૨ | પિંજરત | હેમંત ઈશ્વરભાઈ પટેલ | ૧૭,૨૪૬ | ભાજપ |
| ૩ | સાયણ | બ્રિજેશ ભગવતીભાઈ પટેલ | બિનહરીફ | ભાજપ |
| ૪ | કીમ | અનુબેન જયેશભાઈ દેસાઈ | બિનહરીફ | ભાજપ |
| ૫ | મોર | ભાવનાબેન રાકેશ પટેલ | બિનહરીફ | ભાજપ |

# ઓલપાડ તાલુકામાં કોંગ્રેસ અને 'આપ' ઉપર ભાજપનું સ્ટીમ રોલર ફર્યું

**તા.પં.ની** ૨૪, જિ.પં.ની ૫ સીટ પર ભાજપ બાજી મારી ગયો

**જિ.પં.ની** પિંજરત સીટના ઉમેદવાર હેમંત પટેલે વિજયી લીડમાં ગત ઉમેદવારનો રેકોર્ડ તોડ્યો



જયેશ પટેલ

સાયણ: ઓલપાડ તાલુકામાં કોંગ્રેસ અને 'આપ' ઉપર ભાજપનું સ્ટીમ રોલર ફરતા બંને પક્ષનાં સૂપડાં સાફ થઈ ગયા હતા. ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ સીટ પૈકી ૧૩ બિનહરીફ બાદ બાકીની ૧૧ સીટની ચૂંટણીના મતની ગણતરી દરમિયાન આ બેઠકો ઉપર પણ ભાજપનો ભગવો લહેરાતાં ક્લીન સ્વીપના કારણે ઓલપાડ તા.પં. માં ભાજપે ફરી સત્તા કબજે કરી છે. જ્યારે તાલુકામાં સમાવિષ્ટ જિ.પં. ની ૫ સીટ પૈકી ૩ બિનહરીફ બાદ બાકીની ૨ સીટની ચૂંટણીના મતની ગણતરી દરમિયાન પિંજરત સીટના ભાજપ ઉમેદવાર હેમંત ઈશ્વરભાઈ પટેલ સુ.જિ.પં. સામાન્ય ચૂંટણીના ઈતિહાસમાં ૧૪,૪૬૫ સૌથી વધુ લીડ મતથી વિજય બની અગાઉના વિજેતા ઉમેદવારોનો રેકર્ડ તોડ્યો છે. જ્યારે આપ પાર્ટીના ઉમેદવારોને તાલુકાના મતદારોએ નકારતા તમામ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ છે. આ ઉપરાંત તા.પં.ની મોર સીટના કોંગ્રેસ ઉમેદવાર અને ઓલપાડ તાલુકા કોંગ્રેસ સંગઠનના કાર્યકારી પ્રમુખ હેમલ કાંતિ પટેલ સહિત, કીમ-૨, દાંડી અને આપના ઉમેદવાર જતીન શંકર પટેલ સીટ મળી કુલ ૦૪ ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ છે. જ્યારે જિ.પં. ની ઓલપાડ અને પિંજરત સીટ મળી કુલ ૧,૦૨૪ મતદારોએ તથા તા.પં.ની ૧૧ સીટ ઉપર કુલ ૧,૨૦૪ મતદારોએ પોતાના મતદાન સમયે નોટાનો ઉપયોગ કરી તમામ ઉમેદવારોને નકાર્યા હતા.

ઓલપાડ તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની ૫ સીટ પૈકી સાયણ સીટ ઉપર ભાજપ સંગઠનના પૂર્વ પ્રમુખ બ્રિજેશ ભગવતીભાઈ પટેલ બિનહરીફ વિજેતા થયા હતા પિંજરત સીટ ઉપર કોંગ્રેસને તાલુકાનો ઉમેદવાર ન મળતા ચોર્યાસી તાલુકાના મલગામા ગામના ભરત હરજીવન પટેલને ટિકિટ આપી હતી. જેથી આયાતી ઉમેદવારને પિંજરત સીટના મતદારોએ નકારતાં તેને માત્ર ૨,૫૮૧ મત મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના બાબુ છગનભાઈ પટેલને ૬૨૧ મત મળતા તેની ડિપોઝિટ ડુલ થઈ હતી.

# કડોદરા નગરપાલિકા ચૂંટણી: ૨૮માંથી ૨૫ બેઠક પર ભાજપ: કોંગ્રેસનાં સૂપડાં સાફ

પલસાણા: કડોદરા નગરપાલિકાની કુલ ૨૮માંથી ૨૫ બેઠક પર ભવ્ય વિજય મેળવી ભાજપે નગરપાલિકામાં સત્તાનું સુકાન પોતાના હાથમાં રાખ્યું છે. જો કે, ભાજપ માટે આ જીત સંપૂર્ણપણે એકતરફી રહી ન હતી. વોર્ડ નં.૬ અને ૭માં અપક્ષ ઉમેદવારોની જીતે ભાજપના વિજયના ઉત્સવમાં થોડો ફિક્કો પાડ્યો છે. તેમ છતાં કોંગ્રેસને ખાતું પણ ના ખોલવા દેવામાં ભાજપને સફળતા મળી હતી.



ઈલ્યાસ શેખ

ખાસ કરીને ચલથાણ વિસ્તારમાં ત્રણ અપક્ષ ઉમેદવારોએ જીત મેળવીને પક્ષ માટે આશ્ચર્ય સર્જ્યું છે. નગરપાલિકામાં ચલથાણ ગામનો સમાવેશ કર્યા બાદ ટિકિટ ફાળવણીમાં ભાજપમાં મોટો આંતરિક કલેશ જોવા મળ્યો હતો. વોર્ડ નં.૬માં અપક્ષ ઉમેદવાર ભોળા ભરવાડ અને વોર્ડ નં.૭માં મનીષ મિસ્ત્રી તથા ધર્મેશ કંથારિયાની જીતે ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું હતું. મતગણતરી દરમિયાન કડોદરાની સ્વામિનારાયણ સ્કૂલ ખાતે ભારે હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. કોંગ્રેસની ગેરહાજરી વચ્ચે સમગ્ર ચૂંટણી જંગ ભાજપ અને નારાજ અપક્ષ ઉમેદવારો વચ્ચે ખેલાયો હોય તેવું ચિત્ર ઉપસ્યું હતું.

**કડોદરા પાલિકાના વિજેતા**

| વોર્ડ | વિજેતા ઉમેદવાર | પક્ષ | મળેલા મત |
|---|---|---|---|
| 1 | કૌશલ્યાબેન માલી | ભાજપ | 981 |
| 1 | સંતોષબેન યાદવ | ભાજપ | 914 |
| 1 | કલ્પેશકુમાર ટેલર | ભાજપ | 1019 |
| 1 | ધનંજય ઝા (લડુ) | ભાજપ | 941 |
| 2 | રશ્મિબેન ઢીંમર | ભાજપ | 1460 |
| 2 | સરલાબેન પાટીલ | ભાજપ | 1399 |
| 2 | નિતીનભાઈ રાઠોડ | ભાજપ | 1424 |
| 2 | અનિલકુમાર સિંહ | ભાજપ | 1615 |
| 3 | છાયાબેન મકવાણા | ભાજપ | 792 |
| 3 | રંજના પાટીલ | ભાજપ | 753 |
| 3 | રામભાઈ ચોસલા | ભાજપ | 830 |
| 3 | વિરેન્દ્ર શર્મા | ભાજપ | 709 |
| 4 | શારદાદેવી સીંગ | ભાજપ | 656 |
| 4 | નિર્મળાદેવી મિશ્રા | ભાજપ | 653 |
| 4 | કરણાભાઈ ભરવાડ | ભાજપ | 638 |
| 4 | સંજયકુમાર શર્મા | ભાજપ | 679 |
| 5 | કોમલબેન મોદી | ભાજપ | 1137 |
| 5 | પ્રિયંકા શાહ | ભાજપ | 1082 |
| 5 | જયેશકુમાર પંડયા | ભાજપ | 1180 |
| 5 | દિપક કુમાવત | ભાજપ | 1028 |
| 6 | ડીનલકુમારી પટેલ | ભાજપ | 1563 |
| 6 | અમિષાબેન મૈસુરીયા | ભાજપ | 1556 |
| 6 | ભોલાભાઈ ભરવાડ | અપક્ષ | 1437 |
| 6 | દિપક પાટીલ | ભાજપ | 1538 |
| 7 | વર્ષાબેન પટેલ | ભાજપ | 1070 |
| 7 | રેખાબેન માળી | ભાજપ | 1005 |
| 7 | ધર્મેશભાઈ કંથારીયા | અપક્ષ | 1410 |
| 7 | મનિષભાઈ મિસ્ત્રી | અપક્ષ | 1320 |

**પલસાણા તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણીનું પરિણામ**

| બેઠક | ઉમેદવારની વિજેતા | પક્ષ | મળેલા મત |
|---|---|---|---|
| ૧-અંભેટી | સુરેશભાઇ રામુભાઇ નાયકા | ભાજપ | 2443 |
| ૨-અંત્રોલી | મિતાલીબેન યોગેશભાઈ પટેલ | ભાજપ | બિનહરીફ |
| ૩-બગુમરા | અશ્વીનીકુમારી નીકુંજકુમાર વાંસીયા | ભાજપ | 2599 |
| ૪-બલેશ્વર-૧ | અફરોજાબાનુ સુફિયાનખાન પઠાણ | ભાજપ | બિનહરીફ |
| ૫-બલેશ્વર-૨ | ધર્મેશભાઈ બચુભાઈ રાઠોડ | ભાજપ | 2173 |
| ૬-એના | બિપીનભાઇ રમણભાઇ પરમાર | ભાજપ | 1994 |
| ૭-કરાળા | જીતેન્દ્રકુમાર હરીભાઈ મિસ્ત્રી | ભાજપ | 1994 |
| ૮-કારેલી | હેમંતકુમાર ભીખુભાઇ પટેલ | ભાજપ | 1817 |
| ૯-લીંગડ | ગીરીશભાઈ ઇશ્વરભાઈ પટેલ | ભાજપ | 2359 |
| ૧૦-મલેકપોર | ફાલ્ગુનીબેન દિનેશભાઇ રાઠોડ | ભાજપ | 2838 |
| ૧૧-પલસાણા-૧ | ગાયત્રીબેન નિલેશભાઈ રાઠોડ | ભાજપ | બિનહરીફ |
| ૧૨-પલસાણા-૨ | બિનલકુમારી હિરેનકુમાર આહિર | ભાજપ | બિનહરીફ |
| ૧૩-તાંતીથૈયા | પુષ્પાબેન બાલુભાઈ હળપતી | ભાજપ | 2780 |
| ૧૪-વણેસા | મુકેશભાઇ દિનેશભાઇ રાઠોડ | ભાજપ | 1948 |
| ૧૫-વરેલી-૧ | નેહાબેન સંજયભાઈ રાઠોડ | ભાજપ | બિનહરીફ |
| ૧૬-વરેલી-૨ | મુકેશસિંહ હમિરસિંહ રણા | ભાજપ | 1611 |

# કીમ અને મૂળદ તાલુકા પંચાયત બેઠક પર ભાજપનો ભવ્ય વિજય

કીમ: ઓલપાડ તાલુકાની તાલુકા પંચાયત ચૂંટણીમાં કીમ ૨ અને મૂળદ બેઠક પર ભાજપે ભવ્ય વિજય નોંધાવ્યો છે. કીમ-2 તાલુકા પંચાયત બેઠક પર કુલ 2625 મતદાન થયું હતું. જેમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રદીપ કુમાર રમેશભાઈ ટેલરને માત્ર 248 મત મળ્યા હતા, જ્યારે NOTAમાં 86 જેટલા મત પડ્યા હતા. બીજી તરફ ભાજપના ઉમેદવાર દિવ્યેશભાઈ રામુભાઈ પટેલને 2291 મત મળતા તેઓ ભવ્ય બહુમતીથી વિજેતા જાહેર થયા હતા. જ્યારે કીમ-1 બેઠક પરથી રાહુલ પટેલ બિનહરીફ જાહેર થયા હતા અને જિલ્લા પંચાયત બેઠક પર અનુબેન જ્યેશકુમાર દેસાઈ પણ બિનહરીફ ચુંટાઈ આવ્યા હતા. તે જ રીતે મૂળદ તાલુકા પંચાયત બેઠક પર ત્રણ ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો હતો. મળતી માહિતી મુજબ કુલ 3984 મતદાન થયું હતું. જેમાં કોંગ્રેસના ઉમેદવાર જશાભાઈ ગોવિંદભાઈ ભરવાડને 989 મત મળ્યા હતા અને આપના ઉમેદવાર અર્જુનભાઈ ભીખાભાઈ રાઠોડને 353 મત મળ્યા હતા. જ્યારે ભાજપના ઉમેદવાર કિરીટકુમાર જયંતીભાઈ પટેલને 2557 મત મળતાં તેઓ વિજેતા જાહેર થયા હતા. આ રીતે કીમ-2 બેઠક પરથી ભાજપના દિવ્યેશભાઈ પટેલ 2291 મતો સાથે વિજેતા બન્યા હતા અને મૂળદ બેઠક પરથી ભાજપના કિરીટ પટેલ 2557 મત સાથે વિજય મેળવ્યો હતો.

# પલસાણા તાલુકામાં ભાજપનો દબદબો યથાવત્

પલસાણા, અંત્રોલી: પલસાણા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની તમામ બેઠકો પર ભાજપનો દબદબો યથાવત રહ્યો હતો. તાલુકા પંચાયતની 16 બેઠક પૈકી 5 બેઠક પર ભાજપ બિનહરીફ થતાં માત્ર 11 બેઠક પર ચૂંટણી થઈ હતી.

જ્યારે તાલુકાની ત્રણ જિલ્લા પંચાયતની પલસાણા બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ થતાં માત્ર બે બેઠક માટે ચૂંટણી થઈ હતી. ભાજપે તમામ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો હતો. કોંગ્રેસ અને અન્ય પક્ષોનાં સૂપડાં સાફ થઈ ગયાં હતાં.

વિપક્ષ નામશેષ થઈ જતાં હવે ભાજપના સમર્થકોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. ભાજપ મતદાન પૂર્વે જ અંત્રોલી, બલેશ્વર-1, પલસાણા-1, પલસાણા-2 અન વરેલી -1 બિનહરીફ થયો હતો. એ જ રીતે જિલ્લા પંચાયતની પલસાણા બેઠક બિનહરીફ થતાં વરેલી અને કારેલી બેઠક માટે ચૂંટણી થઈ હતી. જેમાં પણ ભાજપનો ભગવો લહેરાવ્યો હતો.

# સોનગઢ તાલુકા પંચાયતમાં ટાઇ, ભાજપ-કોંગ્રેસ બંનેને 9 બેઠક મળી

**તાપીમાં** જિલ્લા પંચાયતનો તાજ ભાજપના શિરે, દિશા વિહીન સંગઠન સહિત નબળા પ્રચારને કારણે કોંગ્રેસ સત્તાથી વંચિત

**26માંથી** 18 બેઠક પર વિજય સાથે જિલ્લા પંચાયતમાં ભાજપની સત્તાની બીજી ઇનિંગ

વ્યારા, સોનગઢ, કુકરમુંડા: તાપી જિલ્લામાં વ્યારા નગર પાલિકા સહિત જિલ્લા પંચાયત અને વાલોડ, ઉચ્છલ, કુકરમુંડા , નિઝર અને ડોલવણ તાલુકા પંચાયતમાં ભાજપનો ભવ્ય વિજય થયો હતો. તાપી જિલ્લા પંચાયતની સત્તાને ટકાવી રાખવામાં ભાજપે સફળતા મેળવી હતી. જિલ્લા પંચાયતની કુલ 26 બેઠક પૈકી 18 બેઠક પર જીત મેળવી હતી. ઉપરાંત જિલ્લામાં 8 તાલુકા પૈકી વાલોડ તાલુકા પંચાયતની 16 માંથી 11, ડોલવણ તાલુકા પંચાયતની 16 માંથી 11, કુકરમુંડા તાલુકા પંચાયતની 16માંથી 11 અને ઉચ્છલ તાલુકા પંચાયતની 16 માંથી 11 બેઠકો પર ભાજપના ઉમેદવારોએ જીત મેળવતા જિલ્લાના પાંચ તાલુકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ હતી. જ્યારે સોનગઢ તાલુકા પંચાયતમાં 18 બેઠકમાંથી ભાજપ અને કોંગ્રેસનો 9-9 બેઠક પર વિજય થતાં પરિણામ ટાઈ રહ્યું હતું. તો ઉકાઈ તાલુકા પંચાયતની 16માંથી ભાજપનો 5 અને કોંગ્રેસનાં ઉમેદવારોનો 7 બેઠક પર વિજય થયો હતો. જ્યારે આમ આદમી પાર્ટીની આમલીપાડા, ભીમપૂરા, ગુણસદા અને ખેરવાડા સહિતની ચાર બેઠક પર આશ્ચર્યજનક જીત થઈ હતી. ત્યારે ઉકાઈ તાલુકા પંચાયત પર કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં તાલુકા પંચાયત પર કોણ સત્તા પર બેસશે તે જોવું રસપ્રદ બનશે.





## વ્યારા તાલુકા પંચાયત પર કોંગ્રેસની વાપસી

વ્યારા નગર પાલિકા સહિત જિલ્લા પંચાયત અને જિલ્લાનાં 8 તાલુકાની 134 બેઠક પૈકી 1 નિઝર તાલુકાની સરવાળા બેઠક બિનહરીફ થતાં કુલ 133 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી, જેમાં 73 બેઠક પર ભાજપ, 55 બેઠક પર કોંગ્રેસ અને 1 બેઠક પર અપક્ષ ઉમેદવારની જીત થઈ હતી. જિલ્લામાં 8 તાલુકા પંચાયતમાંથી 5 તાલુકા પંચાયતમાં ભાજપને જંગી બહુમતી મળી હતી. જો કે, વ્યારા તાલુકામાં ભાજપે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. વ્યારા તાલુકા પંચાયતની કુલ 20 બેઠકો પૈકી 13 બેઠક કોંગ્રેસના ખોળામાં જતાં કોંગ્રેસને જિલ્લામાં સત્તા પર ટકી રહેવા માટે જાણે સંજીવની મળી હતી. વ્યારા તાલુકા પંચાયતમાં ભાજપની માત્ર 7 જ બેઠક પર જીત થઈ હતી. વ્યારા નગર પાલિકામાં કુલ 5 વોર્ડમાં 19 બેઠકો પર થયેલ મતદાનની મત ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં 17 બેઠક પર ભાજપનાં ઉમેદવારોની ભવ્ય વિજય થયો હતો. જ્યારે કોંગ્રેસ માત્ર બે બેઠકો વિજય મેળવી શકી હતી. જ્યારે આમ આદમી પાર્ટી પાલિકાની ચૂંટણીમાં ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ રહી હતી. ત્યારે કોંગ્રેસ સહિત આમ આદમી પાર્ટીના સમર્થકોમાં રીતસરનો સોપો પડી ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે વ્યારા નગર પાલિકાની ચૂંટણી યોજાઈ તે પહેલાં જ વોર્ડ નંબર 5 અને વોર્ડ નંબર 7 માં ભાજપનાં ઉમેદવારોની આખી પેનલ તેમજ વોર્ડ 2 ની 1 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ થઈ હતી ત્યારે ચૂંટણીમાં ભાજપનાં 17 ઉમેદવારોની જીત થતાં અને અગાઉ 9 બિનહરીફ બેઠકો સહિત કુલ 26 બેઠકો પર ભાજપે જીત મેળવતા વ્યારા નગર પાલિકામાં ભાજપ ફરી સત્તા પર આવ્યો છે.

**ઉકાઈ તાલુકા પંચાયત પરિણામ**

| ક્રમ | બેઠક | ઉમેદવાર | પક્ષ | વોટ |
|---|---|---|---|---|
| ૧ | આમલપાડા | છનીબેન વસાવા | આપ | ૧૩૫૨ |
| ૨ | ભીમપુરા | ભાવનાબેન રામરાજે | આપ | ૧૨૩૭ |
| ૩ | બોરદા | રાજેશકુમાર વસાવા | ભાજપ | ૧૯૩૩ |
| ૪ | ધજાંબા | કિનાબેન ગામીત | કોંગ્રેસ | ૧૮૫૧ |
| ૫ | દુમદા | રસીનભાઈ ગામીત | કોંગ્રેસ | ૧૭૦૬ |
| ૬ | ફતેપુર | મંજુબેન વસાવા | ભાજપ | ૧૨૦૩ |
| ૭ | ગુણસદા | માર્કુશભાઈ ગામીત | આપ | ૧૮૯૩ |
| ૮ | ખેરવાડા | કિંજલબેન વસાવા | આપ | ૧૬૮૫ |
| ૯ | લીંબી | શીલાબેન વસાવા | કોંગ્રેસ | ૧૬૭૯ |
| ૧૦ | પીપળકૂવા | કુંજલતાબેન ગામીત | કોંગ્રેસ | ૧૯૭૭ |
| ૧૧ | સાતકાશી | ગુરમીબેન વસાવા | કોંગ્રેસ | ૫૬૩ |
| ૧૨ | સીંગપુર | સંજયભાઈ ગામીત | ભાજપ | ૧૮૮૭ |
| ૧૩ | સીસોર | શૈલેષભાઈ ચૌધરી | ભાજપ | ૧૬૨૪ |
| ૧૪ | ઉબલદા | ગિરીશભાઈ ચૌધરી | કોંગ્રેસ | ૧૬૮૫ |
| ૧૫ | વાડી ભેંસરોટ | પ્રદીપભાઈ ચૌધરી | ભાજપ | ૧૩૧૧ |
| ૧૬ | વાઝરડા | મિરામજીભાઈ ગામીત | કોંગ્રેસ | ૧૬૨૦ |

**વ્યારા નગર પાલિકાનું પરિણામ**

| વોર્ડ નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | વોટ |
|---|---|---|---|
| ૧ | હેતલ ભદાણે | ભાજપ | ૧૪૪૫ |
| ૧ | શ્વેતા ગામીત | ભાજપ | ૧૫૯૮ |
| ૧ | અનિલ ગામીત | ભાજપ | ૧૬૮૭ |
| ૧ | મુશરદ કુરેશી | ભાજપ | ૧૪૯૨ |
| ૨ | અમિતા ટેલર | ભાજપ | બિનહરીફ |
| ૨ | માધવી જોષી | ભાજપ | ૧૨૧૪ |
| ૨ | આશીષ ગામીત | ભાજપ | ૧૩૬૯ |
| ૨ | ચેતન પારેખ | ભાજપ | ૧૩૫૬ |
| ૩ | પ્રિયા પટેલ | ભાજપ | ૧૯૫૦ |
| ૩ | નિલાબેન પંડ્યા | ભાજપ | ૨૨૭૯ |
| ૩ | અનીશ ચૌધરી | ભાજપ | ૨૧૭૫ |
| ૩ | સિદ્ધાર્થ લુહાર | ભાજપ | ૨૦૮૬ |
| ૪ | વૈશાલી ઢોડિયા | કોંગ્રેસ | ૧૦૯૩ |
| ૪ | રીના પટેલ | ભાજપ | ૧૧૩૮ |

**વ્યારા નગર પાલિકાનું પરિણામ**

| વોર્ડ નં. | વિજેતા ઉમેદવાર | પક્ષ | વોટ |
|---|---|---|---|
| ૪ | ગુંજન ઢીમર | ભાજપ | ૧૨૨૭ |
| ૪ | જોનીલ ગામીત | કોંગ્રેસ | ૧૪૫૯ |
| ૫ | નિમિષા દેસાઈ | ભાજપ | બિનહરીફ |
| ૫ | દ્રષ્ટિ અલમોલા | ભાજપ | બિનહરીફ |
| ૫ | અનિલ શિરસાળે | ભાજપ | બિનહરીફ |
| ૫ | દિલીપ જાદવ | ભાજપ | બિનહરીફ |
| ૬ | દિપ્તી શાહ | ભાજપ | ૨૩૫૯ |
| ૬ | સેજલ રાણા | ભાજપ | ૨૧૪૩ |
| ૬ | રાકેશ ચૌધરી | ભાજપ | ૨૧૦૮ |
| ૬ | તેજસ પંચાલ | ભાજપ | ૨૩૦૦ |
| ૭ | ધૃતિ ગામીત | ભાજપ | બિનહરીફ |
| ૭ | મીના પાટીલ | ભાજપ | બિનહરીફ |
| ૭ | જયેશ રાઠોડ | ભાજપ | બિનહરીફ |
| ૭ | વિપુલ બથવાર | ભાજપ | બિનહરીફ |

# વાલોડમાં ભાજપે 11 સીટ અંકે કરી

**કમાલછોડ** જિલ્લા પંચાયત બેઠક પર રિ-કાઉન્ટિંગ કરવા કોંગ્રેસની માંગ

વાલોડ: વાલોડ તાલુકા પંચાયતની 16 બેઠક પૈકી 11 બેઠક ઉપર ભાજપના ઉમેદવાર, જ્યારે 5 બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારો વિજેતા બન્યા છે. જ્યારે વાલોડની ત્રણે ત્રણ જિલ્લા પંચાયત પર ભાજપે કબજો કર્યો છે. સવારથી જ ભાજપ અને કોંગ્રેસ પાર્ટીના કાર્યકરો ઉમેદવારો પોતાના સમર્થકો સાથે વાલોડની સ.ગો. હાઈસ્કૂલ ખાતે પહોંચી ગયા હતા. ત્યારે વાલોડ પોલીસે પણ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ જવાનો મત ગણતરી કેન્દ્ર ઉપર તૈનાત કરી દીધા હતા. 40 ડિગ્રી તાપમાનમાં પણ પોલીસ જવાનોએ ખડેપગે રહી ફરજ બજાવી હતી. જો કે, પરિણામ જાહેર થતાં જ ભાજપ અને કોંગ્રેસના વિજેતા ઉમેદવારોએ ડી.જેના તાલે વિજય સરઘસ તેમજ રેલી યોજવામાં આવી હતી. 11 બેઠક મેળવી ભાજપે વાલોડ તાલુકા પંચાયત પર કબજો મેળવ્યો છે.

**વાલોડ તાલુકા પંચાયતમાં વિજેતા ઉમેદવારોની યાદી**

| ક્રમ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવારનું નામ | પક્ષ | મળેલા મત |
|---|---|---|---|---|
| 1 | અલગટ | કુસુમબેન મનોજભાઇ રાઠોડ | ભાજપ | 1859 |
| 2 | અંધાત્રી | મીનાબેન રાજેન્દ્રભાઈ ચૌધરી | ભાજપ | 1903 |
| 3 | બેડકૂવા | દિપ્તીબેન વિનેશભાઇ ચૌધરી | કોંગ્રેસ | 2030 |
| 4 | બુહારી | દિવ્યાબેન સંદીપભાઈ ગામિત | કોંગ્રેસ | 1581 |
| 5 | દેગામા | જ્યોત્સનાબેન પ્રકાશ આહીર | ભાજપ | 1519 |
| 6 | ગોલણ | નિલેશભાઈ સુમનભાઈ પટેલ | કોંગ્રેસ | 2038 |
| 7 | કલમકુઇ | કંકુબેન લક્ષ્મણભાઈ ચૌધરી | કોંગ્રેસ | 1482 |
| 8 | કમાલછોડ | મેહુલકુમાર દેવસિંગભાઈ ચૌધરી | ભાજપ | 1893 |
| 9 | મોરદેવી | જોસેફભાઈ કબીરભાઈ ગામિત | ભાજપ | 1924 |
| 10 | રાનવેરી | શિવાનીબેન વિપુલભાઈ ચૌધરી | ભાજપ | 1568 |
| 11 | શીકેર | રેશમાબેન અતુલકુમાર રાઠોડ | ભાજપ | 2115 |
| 12 | સ્યાદલા | વિભૂતિબેન મોહનભાઇ હળપતિ | ભાજપ | 1461 |
| 13 | વાલોડ-1 | ગિરીશભાઈ બાબુભાઇ હળપતિ | ભાજપ | 1179 |
| 14 | વાલોડ-2 | ધીરેનકુમાર બાલુભાઈ ગામીત | ભાજપ | 1544 |
| 15 | વાલોડ-3 | અંકિતકુમાર રમેશભાઈ પટેલ | કોંગ્રેસ | 1807 |
| 16 | વેડછી | સંજીવકુમાર અનિલભાઈ પટેલ | ભાજપ | 1401 |

**વાલોડ તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત બેઠક પર વિજેતા ઉમેદવારની યાદી**

| ક્રમ | બેઠકનું નામ | વિજેતા ઉમેદવારનું નામ | પક્ષ | મળેલા મત |
|---|---|---|---|---|
| 1 | બુહારી | ચંચળબેન દિનેશભાઇ ચૌધરી | ભાજપ | 8157 |
| 2 | કમાલછોડ | અશોકભાઇ નશવાનભાઈ ચૌધરી | ભાજપ | 6466 |
| 3 | વાલોડ | અતુલભાઈ બળવંતરાય પટેલ | ભાજપ | 9224 |